SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૨/૦૭/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા Start - up as an Investment Tools વિષે યોજાયેલા કાર્યક્રમમાં સ્ટાર્ટ–અપમાં ઇન્વેસ્ટમેન્ટ માટે માર્ગદર્શન અપાયું

### સામાન્યપણે સ્ટાર્ટ–અપને સફળ થવા માટે ત્રણથી પાંચ વર્ષનો સમયગાળો લાગતો હોય છે, આથી રોકાણકારોએ સ્ટાર્ટ–અપમાં લાંબા ગાળે સતત ઇન્વેસ્ટ કરી સિસ્ટમને સપોર્ટ આપવો જોઇએ : નિષ્ણાંતો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૯ જુલાઇ, ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે Start - up as an Investment Tools વિષય ઉપર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોજાયેલા ફાયર ચેટ રાઉન્ડમાં પેનલીસ્ટ તરીકે ભાગ લેનારા નવી દિલ્હીના ઇન્ડિયન એન્જલ નેટવર્કના કાંચી દૈયા, યુનિસિન્ક એન્જલ્સ નેટવર્કના કો ફાઉન્ડર એન્ડ ડાયરેકટર કશ્યપ પંડયા અને ચેમ્બરની ઇનોવેશન – સ્ટાર્ટ અપ કમિટીના એડવાઇઝર હરેશ કલકત્તાવાલાએ સ્ટાર્ટ–અપમાં ઇન્વેસ્ટમેન્ટ કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્ટાર્ટ–અપને પ્રમોટ કરવા માટે મહત્વની ભૂમિકા અદા કરવામાં આવી છે. સ્ટાર્ટ–અપ માટે નડતરરૂપ પ્રશ્નોની પણ ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. સાથે જ સ્ટાર્ટ–અપમાં રોકાણ કરનારા ઇન્વેસ્ટરોને પણ એક પ્લેટફોર્મ ઉપર લાવવા માટે ચેમ્બર પ્રયાસ કરી રહયું છે. જેના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વધુમાં કહયું કે, અમદાવાદમાં ઇકો સિસ્ટમ સારી ડેવલપ થઇ ગઇ છે. હવે સુરતમાં

પણ ઇકો સિસ્ટમ ડેવલપ થાય તે દિશામાં ચેમ્બર પ્રયાસ કરી રહયું છે. દેશના ફલક ઉપર સુરત પણ સ્ટાર્ટ–અપ માટે ઝળકી ઉઠે તે માટે અમે પ્રતિબદ્ધ છે.

વકતા કાંચી દૈયાએ જણાવ્યું હતું કે, વાર્ષિક ૧૧૦૦૦ સ્ટાર્ટ–અપ ઇન્ડિયન એન્જલ નેટવર્કને એપ્રોચ કરે છે. જેમાંથી ૨૦૦ થી ૨૫૦ ને સ્ક્રુટીનાઇઝ કરવામાં આવે છે. ટેકનોલોજી બેઇઝ સ્ટાર્ટ–અપમાં ઇન્વેસ્ટરોને વધારે રસ હોય છે. હેલ્થકેર સેકટરમાં પણ ઇન્વેસ્ટરો રસ લઇ રહયા છે. દેશમાં જેટલી પણ સમસ્યાઓ છે તેનું સચોટ નિરાકરણ એટલે સ્ટાર્ટ–અપ છે. કોઇ આઇડીયા નાનો – મોટો નથી. ગામડામાંથી પણ ઇનોવેશન થાય છે. હવે ભવિષ્ય ઇનોવેશનનું છે અને તેમાં ઇન્વેસ્ટરો પૈસા રોકી રહયા છે.

તેમણે વધુમાં કહયું કે, ઇન્વેસ્ટરો માટે ફિકસ ડિપોઝીટ, ગોલ્ડ અને સ્ટોક માર્કેટ કરતા સ્ટાર્ટ–અપમાં ઇન્વેસ્ટમેન્ટ રિસ્કી ઓપ્શન છે. છ મહિનામાં એક રૂપિયાના ૪૦૦૦ પણ થઇ જાય છે અને કેટલીક કંપનીઓને ૨૫ વર્ષ પણ લાગી જાય છે. સફળતા માટે ટીમ અને આઇડીયા બંને જરૂરી છે.

વકતા કશ્યપ પંડયાએ જણાવ્યું હતું કે, મોટા ભાગે ઇન્વેસ્ટરોને દરેક બાબતનું નોલેજ હોતું નથી. આથી તેઓએ ડાયરેકટ ઇન્વેસ્ટ કરવા કરતા એન્જલ નેટવર્ક અથવા વેન્ચર કેપીટલ નેટવર્કની સાથે જોડાઇ જવું જોઇએ. કારણ કે, એન્જલ નેટવર્ક પાસે એકસપર્ટ ટીમ હોય છે અને તેમના મારફત ઇન્વેસ્ટ કરવામાં આવે તો સફળ થવાની શકયતાઓ વધી જાય છે.

વકતા હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટ–અપ ફાઉન્ડર પણ કયા પ્રકારના ઇન્વેસ્ટર્સ જોઇએ તેની ચોઇસ કરે છે. એમાં પણ એન્જલ નેટવર્ક અને વેન્ચર કેપીટલ નેટવર્ક મહત્વની ભૂમિકા ભજવે છે. રૂપિયા ઇન્વેસ્ટ કરીને માત્ર રિટર્નની અપેક્ષા રાખે એવા ઇન્વેસ્ટરો કરતા સ્ટાર્ટ–અપની સફળતા માટે આવતા અવરોધોને દૂર કરી તેને આગળ વધવા માટે મદદરૂપ થાય એવા ઇન્વેસ્ટરોના રૂપિયા ઇન્વેસ્ટ થાય તેની કાળજી સ્ટાર્ટ–અપ રાખી રહયા છે.

ચેમ્બરની ઇનોવેશન – સ્ટાર્ટ અપ કમિટીના ચેરમેન સીએ મયંક દેસાઇએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સાથે જ તેમણે જણાવ્યું હતું કે, સુરત સ્ટાર્ટ–અપ ઇન્વેસ્ટમેન્ટ હબ બની શકે પણ તેના માટે ઇકો સિસ્ટમ બનાવવાની જરૂર છે. માત્ર કેપીટલ આપવાથી કામ થતું નથી પણ કેપીટલ પ્લસ કનેકટ આપવાથી ઇકો સિસ્ટમ મોટી થઇ શકે છે.

કાર્યક્રમના અંતે ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.